# આંબાફાલની ટેન્ડર હરાજીની જાહેરાત

હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, **વઘઈ(ડાંગ)** હસ્તકના રંભાસફાર્મ ખાતેથી ચાલુ સાલ ૨૦૧૪–૧૫ દરમ્યાન આંબાનો ફાલ ઉતારી લઈ જવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ ઈજારા માટે ટેન્ડર ફોર્મ દીઠ રૂા. ૨૦૦/– રોકડા ચુકવવાના રહેશે તથા ડીપોઝીટની રકમ રૂા.૧૦૦૦૦/– નો **"એન.એ.યુ. ફંડ એકાઉન્ટ, ૩૮૮૯ નવસારી"** ના નામનો બેંક ડીમાન્ડ ડ્રાફટ/રોકડા સાથે પોતાના ભાવ બંધ કવરમાં તા.૦૮/૫/૨૦૧૪ ના રોજ ૧૩–૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીને રૂબરૂ કે ટપાલથી પહોંચતા કરવાના રહેશે. આવેલ ભાવપત્રકો તે જ દિવસે ૧૫–૦૦ કલાકે ઈજારદારોની હાજરીમાં યુનિવર્સિટીએ નિયુકત કરેલ કમીટી સમક્ષ અત્રેની કચેરી ખાતે ખોલવામાં આવશે. ઈજારાની બાકીની શરતો હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ (ડાંગ) ખાતેથી વાંચવા મળશે. અનામત રકમ વગરના ટેન્ડર ગ્રાહય રાખવામાં આવશે નહિ.

મો.નં. ૯૪૨૭૧૬૩૬૫૩
૯૮૯૮૧૧૬૧૧૩
૯૪૨૬૨૫૯૭૭૦

**સહ સંશોધન વૈજ્ઞાનિક (કૃ.વ)**
**હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**વઘઈ(ડાંગ)**

**<u>સંશોધન વૈજ્ઞાનિક(હ.ધા.), હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ, જી. ડાંગ માં આંબા ફાલના ઈજારાની ૨૦૧૪–૨૦૧૫ ના વર્ષની હરાજીથી વેચાણની શરતો.</u>**

૧. સંશોધન વૈજ્ઞાનિક (હ.ધા.), હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વઘઈ, જી.ડાંગ ખાતેના રંભાસ ફાર્મ પર આવેલ આંબાની જુદી જુદી જાતો તથા દેશી મળી કુલ ૨૪૦ ઝાડોની આંબા ફાલની હરાજી કરવાની છે.

૨. ઉપરોકત શરત ૧ માં નિર્દિષ્ટ કરેલ વર્ષ ૨૦૧૪–૨૦૧૫ ની સાલમાં આંબાના ફાલના ઈજારાની મુદત તા.૩૦/૬/૨૦૧૪ સુધી રહેશે. મુદતમાં કોઈપણ સંજોગોમાં વધારો કરી શકાશે નહી.

૩. ઈજારદાર ઈસમ પુખ્ત વયનો હોવો જોઈએ અને અસ્થિર મગજનો હોવો જોઈએ નહી.

૪. ઈજારદારે ઈજારાની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે.

અ. હરાજીમાં ભાગ લેવા માટે ટેન્ડર સાથે અલગથી ડિપોઝીટ પેટે રૂા. ૧૦૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) જમા કરાવવાનાં રહેશે અને તે જ ઈસમનું ટેન્ડર સ્વીકારવામાં આવશે. અને જે ઈસમનું ટેન્ડર મંજુર થશે, તેની ઉપરોકત રકમ સાથે હરાજીની રકમના ૧૦% નાણાં તાત્કાલિક જમા કરાવવાના રહેશે જે ડિપોઝીટ તરીકે ગણવામાં આવશે. બાકીનાં ઈસમોને આ ડિપોઝીટની રકમ ૧૦ દિવસ બાદ ચેક ધ્વારા પરત કરવામાં આવશે. ડિપોઝીટની રકમ ઈજારો પૂર્ણ થયેથી ફાર્મમાં કોઈ પણ જાતની નુકશાની નહી થયા બાબતની સદર કેન્દ્રના સંચાલક અધિકારીની સંમતિ મળતા પરત કરવામાં આવશે. અનામતની રકમ પર કોઈ પણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહી.

બ. ઈજારાની પુરેપુરી રકમ ઈજારો મંજુર થયેલ તા. **૧૦**/૦૫/૨૦૧૪ સુધીમાં બપોરે ૧૨:૦૦ કલાક પહેલા જમા કરાવવી પડશે. રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ વેડવા દેવામાં આવશે. તેમ છતા ખાસ કેશ તરીકે ઉપરોકત મુદતમાં વધુમાં વધુ ૧૫(પંદર) દિવસની મુદત વધારી શકાશે અને વધારાના ૧૫ દિવસનું યુનિવર્સિટીના નીતિ નિયમ પ્રમાણે વ્યાજ ગણી ઈજારાની કુલ રકમ સાથે જ કચેરીમાં ભરવાની રહેશે. રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ વેડવા દેવામાં આવશે. સદરહુ શરતોનુ ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

૫. ઉપર જણાવેલ ઈજારાની રકમ જમા કરાયા બાદ કેન્દ્ર તરફથી દાખલો લખી આપવામાં આવશે ત્યારબાદ ઈજારદાર કેરી ઉતારવાની શરૂઆત કરી શકશે.

૬. ઉપર જણાવેલ રકમ ઉપર લખેલ મુદતમાં જમા કરાવવામાં નહી આવશે તો ઈજારો રદ કરવામાં આવશે. તેથી નવસારી કૃષિ યુનિવર્સિટીને જે કોઈ નુકશાન થયેલ હશે તે ઈજારદારે ભરપાઈ કરવાનું રહેશે. આ નુકશાન ઉપરોકત ડીપોઝીટની રકમ માંથી ભરપાઈ કરવા આ સંસ્થા કાયદેસરના પગલા લેવા હકદાર રહેશે. અને તેમાં ઈજારદારની કોઈ તકરાર ચાલશે નહી.

૭. કોઈપણ સંજોગોમાં ઈજારાની પુરેપુરી રકમ ભરવાની મુદત વધારી આપવામાં આવશે નહી.

૮. શરત નં. ૪ – બ મુજબ જો ઈજારાની પુરેપુરી રકમ સમયસર ભરવામાં ન આવશે તો ઈજારદારની ડીપોઝીટ જપ્ત કરી ઈજારાદારના જોખમે અને જવાબદારીએ તેના પછીના બીજા માંગણીદારને કમિટી દ્વારા નકકી કર્યા બાદ આપવા માટે કાર્યવાહી થશે.

૯. ઈજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની રહેશે વળી હરાજીમાં રાખેલ માલ ઉપર સરકારી કે પંચાયતના કોઈપણ પ્રકારના ટેક્ષ કે વેરા ઈજારદારના શીરે રહેશે.

૧૦. ફળ ઉતારતા કોઈ પણ માલ, મકાન, ઝાડપાન વગેરેને નુકશાન ન થાય તેની કાળજી ઈજારદારે રાખવાની રહેશે. ઈજારદાર તરફથી સંસ્થાને કોઈપણ જાતનું નુકશાન થશે અને સંસ્થાને વ્યાજબી લાગશે તો તે નુકશાનની રકમ વસુલ કરવામાં આવશે. ઈજારદાર કે તેમના માણસોએ સંસ્થાના મુખ્ય દરવાજાએથી માલની હેરફેર કરવાની રહેશે.

૧૧. સદરહું ફાર્મમાં ઈજારદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનિધિ રાખવામાં આવશે તેના નામ, સરનામા ફોટા સહિત કેન્દ્ર સંચાલકશ્રીને લેખિતમાં રજુ કરવાનાં રહેશે. જેતે શખ્શનું વર્તન સંસ્થાના હિતને નુકશાન કરતા જણાશે તો તેવા માણસોને કેન્દ્રના સંચાલક તરફથી લેખિત જાણ થશે તેજ દિવસે દુર કરવાના રહેશે. અને તેવા માણસોને ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહી. જે તે કેન્દ્રના વડાની સંમતિ મેળવ્યા સિવાય કોઈપણ મજુરોને ઈજારાદારે કામ પર લેવા નહી.

૧૨. કોઈપણ કુદરતી આફત અગર કોઈ બીજી આસમાની સુલતાનીથી હરાજી કરેલા ઝાડના ફાલને કોઈપણ નુકશાન થશે તો તેની જે તે સંસ્થા કે યુનિવર્સિટીની કોઈપણ જવાબદારી રહેશે નહી.

૧૩. ઈજારદાર શરત નં. ૧ માં જણાવેલ પ્લોટ સિવાયના કોઈપણ પ્લોટ માંથી કોઈપણ ફળઝાડ પરથી ફળો ઉતારી શકશે નહી. આ શરતનો ભંગ થયેથી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

૧૪. વેચાણ માટે માલ ઉતારતી વખતે ઝાડ કે મૂળ કે તેના ડાળી પાનને કોઈપણ જાતનું નુકશાન થવુ જોઈએ નહી. અને જો આ અંગે કોઈપણ જાતનું નુકશાન થશે તો તેની વસુલાત ઈજારદાર પાસેથી કરવામાં આવશે. ઝાડના લીલા કે સુકા લાકડા તેમજ પાંદડા ઉપર ઈજારદારનો કોઈપણ હક રહેશે નહી.

૧૫. કોઈપણ રોગવાળા ઝાડના પાન કે નડતર ઝાડના પાન કે ડાળી કાપવામાં આવે કે તેના ઉપર દવાનો છંટકાવ કરવામાં આવે તો ઈજારદાર વાંધો લઈ શકશે નહી.

૧૬. ફળો ફાર્મની બહાર લઈ જવા માટે જે ઝાડોના ફળો ઉતાર્યા હોય તેની ગણતરી કે વજન ની નોંધ ફરજિયાત પણે પ્રથમ ગેટપાસમાં કરાવવાની રહેશે. જે વિભાગમાં સંશોધન માટેના અખતરાના ઝાડ છે તે ઝાડ કે વિભાગના ફળો સંસ્થાના કર્મચારીની હાજરીમાં ઉતારવાના રહેશે અને જો તેમ નહી કરવામાં આવશે તો નુકશાની પેટે અનામતમાંથી વસુલ કરવામાં આવશે.

૧૭. માલ ઉતારવાનો સમય સવારે ૮–૦૦ થી ૧૧–૦૦ અને બપોરે ૨–૦૦ થી ૫–૦૦ વાગ્યા સુધીના રહેશે તે સિવાયના તથા રજાના સમયમાં માલ ઉતારવાનો હોય તો જે તે વિભાગના વડાની મંજુરી મેળવવાની રહેશે.

૧૮. પ્રદર્શન માટે જુદી જુદી જાતોના ૧૦–૧૦ ફળો વિના મૂલ્યે ઈજારદારે સંસ્થાને આપવાના રહેશે. દરેક ફળોનું વજન અને સંખ્યા નોંધાવવી પડશે.

૧૯. કોઈપણ જાતની તકરાર, મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તે અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી જે નિર્ણય કે ચુકાદો આપવામાં આવશે તે ઈજારદારે માન્ય રાખવો પડશે.

૨૦. હરાજી સમયે જેણે ઈજારો રાખ્યો હોય તે બીજા કોઈપણ ઈસમને ઈજારો આપી શકશે નહી.

૨૧. આંબાના પરિપકવ ફળો વેડીની મદદથી ઉતારવાના રહેશે. અપરિપકવ ફળો તોડતા જોવામાં આવશે તો ફળો ઉતારવાનું કેન્દ્ર વ્યવસ્થાપકશ્રી, તરફથી અટકાવવામાં આવશે. ડાળીઓ હલાવી કે લાંબા વાસથી ઝુડીને કે બીજા અન્ય અયોગ્ય પધ્ધતિથી ફળો ઉતારવા દેવામાં આવશે નહી.

૨૨. આંબા ફાલની હરાજી થયાની તારીખથી આંબા ફાલ સાચવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૨૩. સંસ્થા કે ફાર્મ જે ઝાડ પસંદ કરે તેના ઉપર કલમો બાંધવા દેવાની રહેશે. જેમાં ઈજારદાર કોઈપણ જાતનો વાંધો લઈ શકશે નહી. અને તેનું વળતર પણ આપવામાં આવશે નહી. આવું વળતર મેળવવા ઈજારદાર હકકદાર પણ નથી.

૨૪. ઈજારો રાખનારે કચેરી નકકી કરે તે મુજબની શરતો બંધનકર્તા રહેશે. અને તે મુજબનું લખાણ રૂા. ૧૦૦–૦૦ ના નોન જયુડીશિયલ સ્ટેમ્પ પેપર ઉપર લખી આપવાનું રહેશે. રૂા. ૧૦૦–૦૦ ના નોન જયુડીશિયલ સ્ટેમ્પ પેપર ઈજારદારે પોતાના ખર્ચે લાવવાનો અને શરત મુજબ લખી આપવાનો રહેશે.

૨૫. સંજોગોવશાત ઉપરોકત શરતોમાં કોઈપણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર ચાલશે નહી.

૨૬. સંજોગોવશાત જો ઈજારદારે ઈજારો રાખવા ભરેલ રકમ યુનિવર્સિટી સત્તાધિશોના અંદાજ કરતા ઓછી લાગે કે એક કરતાં વધુ ઈસમોની રકમ સરખી હોય વગેરે જેવા સંજોગો ઉપસ્થિત થાય તો નિમણૂંક કરેલ કમિટિનો નિર્ણય આખરી રહેશે.

૨૭. હરાજીના સમયે આવેલ ટેન્ડર ધ્વારા આવેલ ભાવ અંદાજિત ભાવ કરતાં ઓછા જણાશે તો હરાજીના દિવસે અને સ્થળે તે જ સમયે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે.

વઘઈ(ડાંગ)
તા. ૨૩ / ૪/૨૦૧૪

**સંશોધન વૈજ્ઞાનિક (હ.ધા.)**
**હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**વઘઈ(ડાંગ)**